૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

**IADLE, ISR–Gondal અને Office Team માટે બે દિવસીય ક્ષમતા વર્ધન કાર્યશાળાનું આયોજન ૧૧ અને ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ સંસ્થાની હેડ ઓફિસ ખાતે કરવામાં આવ્યું હતું. વર્કશોપનું માર્ગદર્શન નીતિન મેકવાન દ્વારા આપવામાં આવ્યું હતું. આ દરમિયાન ટીમની કાર્યક્ષમતા, ટીમવર્ક, આયોજન અને સંકલનને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.**



**બેટર કોટન કાર્યક્રમમાં આ મહિના દરમિયાન ખેડૂતોને એફએફબી, ગ્રીન કુક સ્ટવ, ગમ બુટ અને પીપીઈ કીટનું વીતરણ, એલજી મીટીંગ, ખેડૂત તાલીમ, ઉદ્યોગ સાહસિકોની મુલાકાત, ખેડૂતોને ડેમો આપવા વગેરે જેવી કામગીરી કરવામાં આવી.**














**તા.૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ચિતલ ગામમાં પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સાથે સંકલનમાં રહી ૪૫ ખેડૂતોને ઓર્ગેનિક ખેતી, પાક ફેરબદલી, જીવામૃત, ઘન જીવામૃત, પોતાના ઘર પુરતુ શાકભાજીનું વાવેતર કરવું જેવા વિષયો પર તાલીમ આપવામાં આવી હતી.**









**બાબરા ગામમાં સીવણ ક્લાસમાં બે મહિનાની બેન્ચ પુરી થતા તાલીમાર્થી બહેનોને સર્ટીફીકેટ આપવામાં આવ્યા.**



**વાંડળિયા, રાદડિયા ખીજડીયા, હરિપુર અને ચરખા ગામમાં ખેડૂતો, મહિલાઓ તથા શ્રમિકો માટે સરકારી યોજનાઓ અંગેની માહિતી માટે તા.૧૫/૦૭/૨૦૨૬ થી ૨૧/૦૭/૨૦૨૬ દરમિયાન વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ દરમિયાન લાભાર્થીઓને વિવિધ સરકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું તેમજ તેમની ઓનલાઈન અરજીઓ નિઃશુલ્ક ભરી આપવામાં આવી. જેમાં 300 લાભાર્થીઓના માનવ કલ્યાણ યોજના હેઠળના ફોર્મ ભરવામાં આવ્યા, ૪૫૦ શ્રમિકોના ઈ-શ્રમ કાર્ડ માટે નોંધણી કરવામાં આવી તથા ૨૫૦ ખેડૂતોના આઈ-ખેડૂત પોર્ટલ પર કપાસ ક્રાંતિ યોજનાના ફોર્મ ઓનલાઈન ભરવામાં આવ્યા.**









## કાર્ય વિસ્તારના ૩૭ ગામોમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કુલ ૪૮૫૬ વૃક્ષો વાવી તેમની જાળવણી કરવાની જવાબદારી ખેડૂતો અને વિદ્યાર્થીઓએ લીધી.









## ઉમરીયા ગામે અન્ય રાજ્યમાંથી મજુરી અર્થે સ્થળાંતર થઈ આવેલ મજુરના ૨ બાળકોને શાળામાં પ્રવેશ અપાવવામાં આવ્યો.



## ૨૧ જુલાઈ ૨૦૨૬ના રોજ ઉદ્યોગ સાહસિકો માટે એક ઓરીએન્ટેશન કાર્યક્રમનું આયોજન અમરેલી ઓફિસે કરવામાં આવ્યું. જેમાં ૨૫ ઉદ્યોગ સાહસિકો સહભાગી થયા હતા.



**સંસ્થાના કાર્યકર્તાઓના માર્ગદર્શન હેઠળ ઈરમાના વિદ્યાર્થીઓ સાથે રહી લાઠી અને પ્રતાપગઢ વિસ્તારના પ્રગતિશીલ ખેડૂતો અને ગ્રામ્ય ઉદ્યોગોની શૈક્ષણિક ફીલ્ડ વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ સ્થળોની મુલાકાત લીધી અને ગ્રામ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓનો અભ્યાસ કર્યો.**


























## સંકલિત કૃષિ વિકાસ અને આવક વૃદ્ધિ કાર્યક્રમ

**IADLE પ્રોજેક્ટ અંતર્ગત મહિના દરમિયાન ૫ ગામોમાં CLC બેઠકો, ૨૦ લાભાર્થી ખેડૂતોને ટ્રેલી કીટ વિતરણ તથા માસિક સ્ટાફ મીટિંગ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી.**




Share your review



www.sskkamreli.org info@sskkamreli.org

## ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર કાર્યક્રમ

ગોંડલ ક્લસ્ટરના ૯ ગામોમાં યુટ્યુબ દ્વારા ડિજિટલ માધ્યમથી કૃષિ તાલીમ કાર્યક્રમો યોજવામાં આવ્યા. ખેડૂતોને ચોમાસુ મોડું આવવાની પરિસ્થિતિમાં ખરીફ પાકનું વૈજ્ઞાનિક સંચાલન તેમજ સૌરાષ્ટ્રમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM) અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.










**પાંચતલાવડા ગામમાં યોજાયેલા ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા કાર્યક્રમમાં ૫૧ લોકોએ ભાગ લીધો. કાર્યક્રમ દરમિયાન ડિજિટલ કૌશલ્ય, યુટ્યુબ સર્ચ કરવાની રીત તેમજ બજેટ આયોજન, બચત, લોન, વીમા અને નાણાકીય છેતરપિંડીથી બચવા જેવા મહત્વપૂર્ણ વિષયો અંગે માહિતી આપવામાં આવી.**





Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

Share your review



www.sskkamreli.org info@sskkamreli.org